માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તથા આચાર્ય માટે ભરતી સમિતિના સભ્યોની નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૦૯/૧૯૦૬/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૦/૨/૨૦૧૨

વંચાણે લીધા:-
શિક્ષણ વિભાગનો તા.૧૧-૨-૧૧ના જાહેરનામા ક્રમાંક-જીએચ-એસએચ-૨-બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-ગ

આમુખ :-

વંચાણમાં લીધેલ તા.૧૧-૨-૧૧ના જાહેરનામાથી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તથા આચાર્ય પસંદગી કરવા માટેના નિયમો બહાર પાડવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પેરા(૩) માં જણાવેલ વિગતે !ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ! રચવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વક વિચારણાના અંતે સરકારે નીચે મુજબ પસંદગી સમિતિ સભ્યોની નિમાયેલ સમિતિની રચના કરવાનુ ઠરાવે છે.

ઠરાવ-
સમિતિના સભ્યો નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | કમિશનર, શાળાઓ, ગુ.રા. ગાંધીનગર | અધ્યક્ષશ્રી<br>હોદાની રુએ |
| ૨ | ઉપાધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર | સભ્ય<br>હોદાની રુએ |
| ૩ | નાયબ સચિવશ્રી (મા.શિ.) | સભ્ય |
| ૪(અ) | શ્રી હસમુખભાઇ કાંતિલાલ દવે, શિક્ષણશાસ્ત્રી | સભ્ય |
| ૪(બ) | શ્રી મહાદેવભાઇ દેસાઇ, શિક્ષણશાસ્ત્રી | સભ્ય |
| ૫ | શ્રી અંબુભાઇ પટેલ, સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય |
| ૬ | સંયુકત શિક્ષણ નિયામક, ગુ.રા. ગાંધીનગર | સભ્ય સચિવ |

પસંદગી સમિતિની ફરજો અને કાર્ય વંચાણે લીધેલ ક્રમ(૧) માં દર્શાવેલ જાહેરનામા મુજબ રહેશે.

આ સમિતિના ક્રમાંક-૪(અ) ૪(બ) અને ૫-આગળના સરકાર નિયુક્ત સભ્યોની મુદત હુકમ કર્યા તારીખથી ૧ વર્ષ અથવા અન્ય હુકમો થાય બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધીની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ.પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ
-માન.મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.રા.ક.મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અગ્રસચિવશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-કમિશનર, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
-ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
-શ્રી હસમુખભાઇ દવે, ૫, વર્ધમાન ફ્લેટ મેઘાણીરોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
-શ્રી મહાદેવભાઇ દેસાઇ, સેવાકુંજ, સ્ટેશન રોડ, નવસારી-૩૯૩૪૦૫
-શ્રી અંબુભાઇ પટેલ- ૩ નવજીવન સોસાયટી મુ.કોસીન્દ્રા તા.સંખેડા જી.વડોદરા
-સીસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા માટે
-સીલેક્ટ ફાઇલ
-નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઇલ
-શાખા સંગ્રહ